
# મહાગ્રંથ ભગવદ્ગોમંડલ ઓનલાઈન




શબ્દો

- અંતઃપ્રવિષ્ટ
- અંતઃપ્રવેશ
- અંતઃપ્રવેશી
- અંતઃપ્રવેશીખૂણો
- અંતઃપ્રાંત
- અંતઃપ્રાચીર
- અંતઃપ્રેરણા
- અંતઃપ્રેરિત
- અંતઃમાત્ર
- અંતઃરાષ્ટ્રીય
- અંતઃશક્તિ

## અંતઃપ્રવેશીખૂણો

| ક્રમાંક | વ્યુત્પત્તિ | વ્યાકરણ | અર્થ |
|---|---|---|---|
| | [ સં. અંતર્ ( અંદર ) + પ્રવેશિન્ ( દાખલ કરનાર ) + કોણ ( ખૂણો ) ] | પું. | ( ગણિત ) આકૃતિની અંદર જતો ખૂણો; બે કાટખૂણાથી મોટો અને ચાર કાટખૂણાથી નાનો ખૂણો; વિપરીત કોણ; 'રિફ્લેક્સ ઍંગલ'.  આકૃતિ કચટનમાં કનટ ખૂણો અંતઃપ્રવેશીખૂણો છે. |

'સવાલ ભાષાની પ્રોસ્પેરિટી (ભાષાની સમૃદ્ધિ)નો છે, સર્વાઈવલનો નહિ', '૨૦૫૦માં એ જ ભાષા જીવિત રહેશે જેનું કમ્પ્યુટરાઈઝેશન થયેલું હશે', 'ગુજરાતી ભાષાની બાબતમાં પણ ગુજરાત વાઈબ્રન્ટ બનવું જોઈએ. . .' – આ શબ્દો એક એવા યુવાનના છે જેણે આપણી માતૃભાષાને આગામી પેઢીઓ સુધી અને આગામી સદીઓ સુધી જીવંત રાખવા માટે બીડું ઝડપ્યું છે. આમ તો ગુજરાતી ભાષાને દુનિયાના કોઈપણ ખૂણામાં રહેતા ગુજરાતીઓ સુધી પહોંચાડવા માટે અનેક લોકોએ અનેક રીતના પ્રયાસો કર્યા છે એની તો નોંધ લેવી પડે જ, પરંતુ અશોક કરણિયા નામનો યુવક અને તેમની એવી જ યુવા ટીમે હમણાં જે કામ કર્યું છે તે ખરેખર અસાધારણ છે. અલબત્ત, અશોકભાઈ અને તેમની ટીમના પ્રેરણાસ્રોત, ચાલકબળ, ગુરુ – જે કોઈ વિશેષણથી નવાજો તે છે રતિલાલ ચંદરિયા. હા, એ જ જેમણે ગુજરાતી ભાષાની પહેલી ડિજિટલ ડિક્ષનરી – ગુજરાતી લેક્સિકોન – આપણને સૌને ઉપલબ્ધ કરાવી એ ચંદરિયા.

*ભગવદ્ગોમંડલને ઓનલાઈન મુકનારી ટીમ : મહેનત દાદ માગી લે એવી છે*





જે લોકો પોતાની માતૃભાષા ગુજરાતીને ચાહે છે તેમના માટે તો ભગવદ્ગોમન્ડલ શબ્દકોશ જરાય અજાણ્યો નથી, પરંતુ એ સિવાય એવા લાખો ગુજરાતીઓ અને અનેક યુવકો તેના વિશે જાણતા ના હોય તે સ્વાભાવિક છે. આજના વેંતિયા રાજકારણીઓ તમામ સુવિધાઓ અને સ્રોતો ઉપલબ્ધ હોવા છતાં ભાષા માટે જે કામ નથી કરતા એ કામ છેક ૧૯મી સદીમાં એટલે કે ૧૮૬૫માં રાજવી પરિવારમાં જન્મેલા ભગવતસિંહજીએ કરી બતાવ્યું હતું. અને હવે એ વિશાળ શબ્દકોશને એક વયોવૃદ્ધ વણિક વેપારી અને તેમની યુવાન ટીમે ડિજિટલ સ્વરૂપમાં દુનિયા સમક્ષ પ્રસ્તુત કર્યો છે. આ વિશે જીતો વર્લ્ડ સાથે વાતચીત કરતા અશોકભાઈ જણાવે છે કે, ગુજરાતી ઑનલાઈન ડિક્ષનરી gujaratilexicon.comના પ્રણેતા રતિલાલ ચંદરિયાએ ભગવદ્ગોમન્ડલને પણ ડિજિટલ સ્વરૂપમાં મૂકવા માટે પરવાનગી લેવા ગોંડલ નગર પાલિકાનો સંપર્ક સાધ્યો અને પાલિકાએ તે માટે મંજૂરી પણ આપી દીધી. ત્યાર પછી ૧૮ એપ્રિલ ૨૦૦૮ના રોજ શરૂ કરેલી કામગીરી અમે ૧૮ ફેબ્રુઆરી ૨૦૦૯ના રોજ પૂરી કરી દીધી હતી એટલે કે દસથી અગિયાર મહિનાના ટૂંકા

# શું છે ભગવદ્ગોમંડલ?

**આ**જે ગુજરાતી વિશ્વકોશ એટલે કે ગુજરાતી ભાષામાં પ્રકાશિત થયેલા એનસાઈક્લોપીડિયાથી ઘણાખરા લોકો વાકેફ હશે, તો એ સંદર્ભમાં ભગવદ્ગોમન્ડલ વિશે સાવ સરળ રીતે કહેવું હોય તો કહી શકાય કે તે ગુજરાતી ભાષાનો પહેલો વિશ્વકોશ હતો. અત્યાર સુધી સામાન્ય વ્યવહારમાં ભગવદ્ગોમન્ડલને ગુજરાતી શબ્દકોશ તરીકે જ ઓળખાવવામાં આવે છે પરંતુ ગોંડલના રાજવી ભગવદસિંહજી દ્વારા તૈયાર કરવામાં આવેલા આ ગ્રંથને એનસાઈક્લોપીડિયા એટલે કે વિશ્વકોશ કહી શકાય. કેમકે ૯૨૭૦ પાનાંના આ મહાગ્રંથમાં ૨,૮૧,૩૭૭ શબ્દો છે અને તેના ૮,૨૧,૮૨૩ અર્થો આપવામાં આવ્યા છે. ઉપરાંત તેમાં ૨૮,૧૫૬ તો રૂઢિપ્રયોગો છે.



આ મહાગ્રંથની રચનાનો ઈતિહાસ પણ એટલો જ રોમાંચક છે. ૧૮૬૫ની ૨૪મી ઑક્ટોબરે જન્મેલા ભગવતસિંહજીને બાળપણથી જ ગુજરાતી ભાષા પ્રત્યે ભારે લગાવ હતો અને ઉંમર વધવા સાથે એ લગાવ વધુ મજબૂત અને પરિપક્વ બન્યો. સરકારી દફતરો અને અદાલતો વગેરે જગ્યાએ અંગ્રેજી ભાષાએ કરેલી ઘૂસણખોરી સામે ગુજરાતી ભાષાને યોગ્ય મહત્ત્વ મળે અને તેનો વધુમાં વધુ ઉપયોગ થાય તે દિશામાં તેમણે વિચારવાનું શરૂ કર્યું અને ૧૯૧૫ના અરસામાં તેમણે નવા નવા શબ્દોનો સંગ્રહ કરવાનું શરૂ કર્યું. આ માટે તેમણે પ્રમાણભૂત ગ્રંથો, પુસ્તકો, સાહિત્યનાં પુસ્તકો, વર્તમાનપત્રો, સામયિકો, જાહેરખબરો, નાટક-સિનેમાનાં ચોપાનિયાં જેવા અનેક સ્રોતો જોવાનું અને તેમાંથી લોકો સુધી પહોંચાડવા માટે જરૂરી લાગે એવા શબ્દો અલગ તારવ્યા. આ પછી ૧૯૨૮ની પહેલી ઑક્ટોબરે તેમણે ગોંડલમાં ભગવદ્ગોમન્ડલની અલગ ઑફિસ જ શરૂ કરી. ત્યાં સુધીમાં તેમણે આશરે ૨૦,૦૦૦ શબ્દો એકઠા કરી લીધા હતા અને તેના ઉપર કામ કરતા કરતા ૨૫ ઑગસ્ટ ૧૯૪૪ના રોજ ૯૦૨ પાનાંનો પ્રથમ અંક પ્રકાશિત કર્યો. આ પછી નિયમિત સમયાંતરે તેમણે બીજા અંકો પ્રકાશિત કરવાનું ચાલુ રાખ્યું. ગુજરાતી ભાષાના આ પહેલા એનસાઈક્લોપીડિયાનો છેલ્લો અને નવમો અંક નવ માર્ચ ૧૯૫૫ના રોજ પ્રકાશિત થયો હતો. આ ૨૬ વર્ષ (આમ કુલ ૪૦ વર્ષ)ની મહેનત બાદ તેમણે જે નવ ભાગ પ્રકાશિત કર્યા તેની પાછળ એ જમાનામાં લગભગ સાડા પાંચ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. આ ગ્રંથોની કિંમત તે સમયે રૂ. ૫૪૫ હતી પરંતુ રાજ્યાશ્રયને કારણે તે રૂ. ૧૪૬માં મળતા હતા. માત્ર એ જમાનામાં જ નહિ પરંતુ આજે પણ ગુજરાતી ભાષાના ચાહકો, સાહિત્યકારો, શિક્ષણકારો અને અન્ય વિદ્વાનોને ત્યાં ભગવદ્ગોમન્ડલનો સેટ હોય તે ભારે ગૌરવની વાત ગણાય છે, અને હવે તો બદલાયેલા સમય સાથે આ મહાગ્રંથ અને તેનો અમૂલ્ય ખજાનો મારા-તમારા કમ્પ્યુટર સુધી આવી પહોંચ્યો છે.

---

ગાળામાં જ અમે ભગવદ્ગોમન્ડલના ૯૦૦૦ કરતાં વધુ પાનાંની ડેટા એન્ટ્રી, પ્રૂફ રીડિંગ, જરૂરી સુધારા-વધારા બધું જ પૂર્ણ કરીને આ મહાકોશને અમે ઑનલાઈન મૂકવા માટે સજ્જ થઈ ગયા હતા.

ગુજરાતી ભાષા અને સાહિત્ય પ્રત્યે રસ-રુચિ ધરાવતા અશોકભાઈ આમ તો મેગ્નેટ ટેક્નોલોજિસ નામે મુખ્યત્વે ગુજરાતી સોફ્ટવેર તૈયાર કરતી કંપનીના સર્વેસર્વા છે ભગવદ્ગોમન્ડલના ડિજિટલીકરણ દ્વારા ગુજરાતી ભાષા પ્રત્યે જે નિષ્ઠા બતાવી છે તે દાદ માગી લે એવી છે. ઑનલાઈન ગુજરાતી ડિક્શનરી ગુજરાતી લેક્સિકોનના લોકાર્પણ વખતે આપણા અગ્રણી સાહિત્યકાર અને ગુજરાતી વિશ્વકોશના મુખ્ય સંપાદક શ્રી ધીરુભાઈ ઠાકરે કહ્યું હતું કે, આ કામ તો ખરેખર ગુજરાતમાં થવું જોઈતું

*રતિલાલ ચંદરિયા: પ્રોજેક્ટના પ્રણેતા*



હતું. (ગુજરાતી લેક્સિકોન સાઈટ લંડનમાં તૈયાર થઈ હતી) ધીરુભાઈની એ રચનાત્મક ટકોરને યાદ કરીને અહીં એ વાતનો ખાસ ઉલ્લેખ કરવો જરૂરી છે કે ભગવદ્ગોમન્ડલનું સમગ્ર કામ અમદાવાદમાં થયું છે અને તેમાં અશોકભાઈ ઉપરાંત કાર્તિક મિસ્ત્રી, સુમૈયા વોરા, પલક શાહ, પદ્મા જાધવ, મૈત્રી શાહ, જાગૃતિ દેસાઈ, શ્રુતિ અમીન, વિધિ પંડ્યા, પાયલ ધરણીધર, મિહિર ગાંધી, સમય ભાવસાર જેવી યુવા ટીમે કરેલી સંનિષ્ઠ મહેનત www.Bhagwadgomandal.comમાં જોઈ શકાય છે. ગુજરાતી ભાષા સાથે છેડછાડ કરનારા અનેક લોકો છે અને ઊંઝા જોડણીના નામે એક વિકૃત ગતકડું ઊભું કરનારા પણ છે, છતાં રતિલાલભાઈ, અશોકભાઈ અને તેમની ટીમે ગુજરાતી લેક્સિકોન તેમજ ભગવદ્ગોમંડલની વેબસાઈટ

અ

શબ્દો

- પગર
- પગરખું
- પગરખો
- પગરણ
- પગરણિયું
- પગરણી
- પગરના
- પગરવ
- પગરવટ
- પગરવટો
- પગરવો
- પગરસ્તો
- પગરા
- પગરાણ
- પગરી

## પગરખું



| ક્રમાંક | વ્યુત્પત્તિ | વ્યાકરણ | અર્થ |
| --- | --- | --- | --- |
| | [ સં. પાદ ( પગ ) + રક્ષ ( બચાવવું ); પાદરક્ષક-પાયરક્ખ-પાયરક્ખઉ ] | ન. | પગનું રક્ષણ કરે એવું ચામડાનું ટૂંકું મોજું; ખાસડું; મોજડી; જોડો; ચાલતાં પગનું રક્ષણ થાય એવી ચામડાની બનાવટ; કાંટારખું; ઉપાન. ઘસાઈ ગયેલા જોડા ખાસડાં કે પગરખાં કહેવાય. ખાસડું તિરસ્કારમાં કે ક્રોધમાં બોલતાં વપરાય છે. વધુ - પગરખામાં પગ ઘાલવો-મૂકવો = બરોબરી કરવી; હરીફાઈ કરવી; સરસાઈ કરવી; એકએકથી સરસ થવાની તજવીજ કરવી; ચડસાચડસી કરવી. |



અશોક કરણિયા

**'ભગવદ્ગોમન્ડલમાં ઘણા શબ્દો એવા છે જેના એક સાથે અનેક અર્થ આપવામાં આવ્યા હોય, તેની સાથે જોડાયેલા રૂઢિપ્રયોગો પણ આપવામાં આવ્યા હોય, અન્ય માહિતી અને ચિત્રો પણ હોય જેને અમારે યથાવત રીતે વેબ એડિશનમાં મૂકવા પડે. કેટલાક શબ્દો તો એવા છે જેના અર્થ અને સમજૂતી છ-છ પાનાં ભરીને હોય.'**

તૈયાર કરવામાં સાચી ગુજરાતી સાથે કોઈ બાંધછોડ કરી નથી એ વાતનું પ્રમાણ એ પણ છે કે તેમણે ઈન્ટરનેટનો ઉપયોગ કરતી નવી પેઢી પણ સાચી જ ગુજરાતી શીખે તે હેતુથી ભાષાશુદ્ધિ અને જોડણી માટે ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનનાં કીર્તિદાબેન શાહની પણ મદદ લીધી હતી. આવો મોટો પ્રોજેક્ટ હાથમાં લીધો હોય ત્યારે કેટલીક મુશ્કેલીઓ પણ આવે. તે વિશે વાત કરતા અશોકભાઈએ કહ્યું કે મુખ્યત્વે અમારે ટેકનિકલ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો અને તેમાંથી બહાર આવવા માટે કાં તો અમારે અલગ અલગ પ્રકારના ઘણા સોફ્ટવેર બહારથી મેળવવા પડે અને ક્યારેક જરૂરિયાત પ્રમાણેના સોફ્ટવેર વિકસાવવા પણ પડે અને તો જ ચોકસાઈપૂર્વકનું કામ થઈ શકે. આ ઉપરાંત ભગવદ્ગોમન્ડલમાં ઘણા શબ્દો એવા છે જેના એકસાથે અનેક અર્થ આપવામાં આવ્યા હોય, તેની સાથે જોડાયેલા રૂઢિપ્રયોગો પણ આપવામાં આવ્યા હોય, અન્ય માહિતી અને ચિત્રો પણ હોય જેને અમારે યથાવત્ રીતે વેબ એડિશનમાં મૂકવા પડે. કેટલાક શબ્દો તો એવા છે જેના અર્થ અને સમજૂતી છ-છ પાનાં ભરીને હોય.

ટેકનોસાવી અથવા કહો કે નેટ સાવી લોકોમાં હવે ઑનલાઈન ડિક્શનરી ગુજરાતી લેક્સિકોન લોકપ્રિય થઈ રહી છે અને અનેકો લોકો રોજેરોજ તેનો ઉપયોગ કરે છે, પરંતુ હવે તેમાં મહત્વની વાત એ છે કે બાળકોને પણ ગુજરાતી ભાષા અને શુદ્ધ જોડણીમાં રસ પડે અને તેઓ શીખી શકે તે માટે ગુજરાતી ભાષાના શબ્દોની રમતો અને પઝલ્સનો વિભાગ રાખવામાં આવ્યો છે. આ ગેમ્સ અને પઝલ મોટા લોકો રમે તો તેમને પણ નવા અર્થો અને શબ્દો અને રૂઢિપ્રયોગો જાણવા મળી શકે. અશોકભાઈની ટીમની બીજી એક નોંધપાત્ર કામગીરી ઉત્કર્ષ નામની સંપૂર્ણ ગુજરાતી ઓપરેટિંગ સિસ્ટમ છે. થોડાં વર્ષ પહેલાં એક પ્રકાશકે ગુજરાતીમાં કમ્પ્યુટર શીખવા માટે એક સીડી તૈયાર કરી હતી, પરંતુ ઉત્કર્ષ gujaratilexicon.com ઓપરેટિંગ સિસ્ટમ તો ઑનલાઈન જ આ મદદ કરે છે જેને પરિણામે અંગ્રેજી ભાષાના ડરથી અથવા તો ઉંમર થઈ ગઈ હોવાથી હવે અંગ્રેજી શીખવાનો રસ ના હોય તેવા ગુજરાતી ઉંમરલાયક વડીલો માટે આ ગુજરાતી ઓપરેટિંગ સિસ્ટમ સાચા અર્થમાં આશીર્વાદ સમાન થઈ શકે તેમ છે.